R.N.I. Regd. No. GUJGUJ/2022/82886

Date of Publication: 25th of Every
May, August, November & February

નાપા - નડિયાદ - પાદરા દિશાવાળ સમાજનું અગ્રણી મુખપત્ર

ગુજરાતનો સમૃધ્ધ વૈશ્વિક ઉચ્ચ જ્ઞાતિનો સનાતન પરિવાર

# સદ્‌ગુણ જયતે

ત્રિમાસિક

સનાતન સદ્દકર્મ સંસ્કાર સાહસ સમજુતી સંબંધ

SADGUN JAYATE
(QUARTERLY)

Editor: KAUSHAL JAYANTILAL SHAH
Mobile : 88668 83883

Yr: 03 ● Iss. : 04 ● Cont. Issue: 12 ● February 25, 2025 ● Page: 04 ● Price : Rs. 5-00 ● Annual Sub. : Rs.20/-

Off. : Shree Shakti Management, Lower Ground Floor, Shop No. 20, Center Point, Panchvati Cross Road, C.G. Road, Ahmedabad - 6

## ત્રણ પ્રકારની ભાવના

ભાવના ત્રણ પ્રકારની છે. સ્વરૂપભાવના, ભાવભાવના અને લીલાભાવના.

પ્રભુના સ્વરૂપ વિષેની જે ભાવના, સ્વરૂપનું જે જ્ઞાન, સ્વરૂપની જે સમજ, એ સ્વરૂપભાવના.

પ્રભુની વિવિધ રસમયી લીલાઓનું ચિંતન એ લીલાભાવના.

પ્રભુની લીલામાં-સેવામાં જે વિવિધ સેવોપયોગી પદાર્થોરૂપે વ્રજાંગનાઓ જે અલૌકિક સાક્ષાત્ ભાવ-સ્વરૂપે બિરાજે છે, તે સ્વરૂપાત્મક છે. તે અહીં ભૂતળ ઉપર ચર્મચક્ષુથી આપણને જડ પદાર્થોરૂપે દશ્યમાન બને છે, તે ભગવત્ સેવોપયોગી પદાર્થોમાં વ્રજભક્તોનાં શ્રીઅંગની અને એમના જે ભાવની ભાવના કરવામાં આવે તે ભાવભાવના છે.



આ લીલાભાવના, ભાવભાવના અને સ્વરૂપભાવના પૈકી લીલાભાવનાનું ક્રમપૂર્વક મનમાં ચિંતન કરવું, એનું ભાન કરવું.

ભાવના બે પ્રકારથી થાય. તનુવિત્તજા સેવા એટલે આપણા ઘરમાં આપણા માથે બિરાજતા પ્રભુની, આપણા દ્રવ્યથી, આપણા હાથે સેવા કરવી એ ઉત્તમ પક્ષ છે. આવી રીતે ઘરમાં સેવા કરતાં- કરતાં સેવા દરમ્યાન સર્વ લીલાભાવનાનું સ્મરણ અને ચિંતન કરવું એ ઉત્તમ પક્ષ છે.

સેવાકાલીન સમયમાં કઈ-કઈ લીલાભાવનાનું ચિંતન કરી શકાય? સૌથી પ્રથમ નિત્યલીલાનું ચિંતન કરવું. શ્રીહરિરાયચરણે 'સહસીભાવના'માં પ્રભુની સુંદર લીલાનું નિરૂપણ કર્યુ છે. નંદનંદના મંગળાથી શયન સુધી બે સ્વરૂપે નિત્યલીલા કરી રહ્યા છે. સર્વોદ્ધારક સ્વરૂપે નંદાલયમાં અને ભક્તોદ્ધારક સ્વરૂપે ભક્તોની નિકુંજમાં. એટલે નંદાલયની અને નિકુંજની એ બંને લીલાઓનું

સ્મરણ સેવાકાલીન સમયમાં કરવું. સાથે જન્માષ્ટમીથી માંડીને વર્ષોત્સવના સર્વ ઉત્સવોની લીલાભાવનાઓનું સ્મરણ પણ જે તે વખતે સૌએ કરવું જોઈએ.

પ્રભુએ જે દિવસે જે વાઘા, વસ્ત્ર, સામગ્રી વગેરે ધરવામાં આવે એની ભાવભાવનાનું પણ ચિંતન કરવું જોઈએ. સાથે સાથે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના અલૌકિક લીલાસ્વરૂપનું પણ ભાવન કરવું જોઈએ.

આમ, નિત્યની લીલા, ઉત્સવની લીલા, વસ્ત્રાદિનું ભાવભાવના અને શ્રીમહાપ્રભુજી આદિ સ્વરૂપનું ભાવન - એમ ચાર પ્રકારે સેવા દરમ્યાન સેવાની સાથે સાથે લીલાભાવન કરવું. એમ કરતાં-કરતાં આપણું ચિત્ત પ્રભુમાં રચ્યું-પચ્યું થાય અને એમાં પરોવાય ત્યારે એમ કહેવાય કે 'ચેતસ્તત્પ્રવ સેવા.'' આ ઉત્તમ પક્ષ છે.

# સૂતક એટલે શું ?

## સૂતક શા માટે અને કેટલા દિવસ પાળવું ? સૂતકમાં પૂજા કરી શકાય કે નહીં ?

સુતક એટલે સરળ ભાષામાં શુદ્ધિ. પંચમહાભૂત દેહમાંથી કોઈપણ વસ્તુનો પ્રવેશ અથવા નિકાસ થવા પર જેમ આપણે શરીરની શુદ્ધિ કરીએ છીએ દાખલા તરીકે જેમ કે વાળ કપાવવા ઉપર આપણે પાણીથી વાળ ધોઈએ છીએ. નાક અથવા કાનમાંથી મેલ નીકળતા આપણે પાણીથી તેને સાફ કરીએ છીએ, આંખમાંથી ચીપડા નીકળતા તથા મોઢામાંથી ઉલટી થતા આપણે આંખ અથવા મોઢાને સાફ કરીએ છીએ. મળ-મૂત્ર સંડાસ થતા આપણે તેને પણ પાણીથી સ્વચ્છ અને શુદ્ધ કરીએ છીએ તથા બીજી પણ અન્ય ક્રિયાઓમાં પ્રવેશ અથવા નિકાસમાં શુદ્ધિ કરીએ જ છીએ.

તે જ રીતે બાળકનો જન્મ થતા તથા જીવનો દેહમાંથી ઉત્સર્ગ થતા તેની પણ શુદ્ધિ કરવી જરૂરી હોય છે અને તેને આપણે સૂતક તરીકે ઓળખીએ છીએ. સૂતકની વિશેષ વિગતો આપણને હિંદુ સનાતન ધર્મના ગરુડ પુરાણના છઠ્ઠા અધ્યાયના પાંચમા ખંડમાં જોવા મળે છે. તે જ હિન્દુ શાસ્ત્રોમાં માનવામાં આવે છે. સૂતક પાળવાથી મૃત્યુ પામેલા જીવની સદ્‌ગતિ થાય છે અને તે જીવ અન્ય યોનિમાં ભટકવાના ત્રાસમાંથી મુક્તિ મેળવે છે અને વૃધ્ધિ સૂતકમાં જીવને પરમ શાંતિ મળે છે. જ્યારે કે સૂતક પાળનારને જીવના ઋણમાંથી મુક્તિ મળે છે.

ભગવાને ગરુડજીને વધુ માહિતી આપતા જણાવ્યું છે કે સૂતક બ્રાહ્મણને ૧૦ દિવસનું, ક્ષત્રિય ને ૧૨ દિવસનું, વૈશ્યને ૧૫ દિવસનું તથા શુદ્રને ૩૦ દિવસનું લાગે છે. તથા અન્યોને ૧૦ દિવસનું લાગે છે. સૂતકની ગણતરી મૃત્યુના દિવસથી જ કરવામાં આવે છે પરંતુ અગ્નિહોત્રી બ્રાહ્મણોમાં જ્યારે અગ્નિ ચાંપવામાં આવે ત્યારથી ગણવામાં આવે છે. સૂતક ૧ થી ૪ પેઢી નું, ૫ થી ૮ પેઢીનું, ૯ થી ૧૨ પેઢીનું અને ૧૩ થી ૧૬ પેઢીનું અલગ અલગ રીતે લાગે છે. સૂતકમાં જે કામ ખૂબ જ જરૂરી હોય જે નહિ કરવાથી જાન-માલનું નુકસાન થાય તેમ હોય તેવા એક વિશેષ કામની વિશેષ છૂટ વિશેષ સ્થિતિઓમાં આપવામાં આવેલ છે.

સૂતક ક્યારે પણ ફોક થઈ શકતું નથી એટલે કે જો જન્મ અથવા મૃત્યુના સમાચાર સમયસર ન મળે પરંતુ સૂતકના દિવસો પસાર થઈ જાય પછી મળે તો પણ જ્યારે સમાચાર મળે તે દિવસથી ગણીને પાળીને પુરુ કરવું જ પડે છે. પરંતુ જે મનુષ્યનું મૃત્યુ આપઘાત અથવા આત્મહત્યાથી થયેલું હોય તેને સૂતક લાગતું નથી અને તે ગણાતું પણ નથી. માત્ર એક જ માથાબોળ સ્નાનથી સૂતક છૂટી જાય છે. સૂતક નિર્ણયોમાં ઘણી બધી વૈવિધ્યતા રહેલ છે. જે જવલ્લે જ બનતી ઘટનાઓથી સર્જાય છે માટે બધી જ વસ્તુઓનો ઉલ્લેખ અહીં ન કરતા માત્ર જરૂરી અને સામાન્ય ઘટનાઓથી સર્જાતા સૂતકના નિયમોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેની નોંધ રાખવી. સૂતકમાં એક દિવસ એટલે એક દિવસ અને એક રાત્રી તેમ ગણવું.

૧) ગર્ભપાત અથવા ગર્ભક્ષય થાય તો જીવના માતા-પિતાને દોઢ દિવસ નું સૂતક લાગે છે.

૨) ૧૦થી ૧૨ દિવસનું બાળક હોય તો માતા-પિતાને જો પુત્ર હોય તો ૩ દિવસનું પુત્રી હોય તો ૧ દિવસનું સૂતક લાગે છે.

૩) ૧૩ દિવસથી ત્રણ વર્ષનું બાળક હોય તો માતા-પિતાને પુત્ર હોય કે પુત્રી હોય ૩ દિવસનું સૂતક લાગે છે તથા કુટુંબીજનોને ૧ દિવસનું સુતક લાગે છે.

૪) ૩ વરસથી ઉપરનું બાળક હોય તો માતા-પિતા તથા કુટુંબીઓને પુત્ર હોય કે પુત્રી ૩ દિવસનું સુતક લાગે છે.

૫) પરણેલી દીકરીનું પિયરમાં મૃત્યુ થાય તો માતા-પિતાને ૩ દિવસ પરંતુ સાસરે મૃત્યુ થાય તો ૧ દિવસનું સૂતક લાગે છે.

૬) ઘરની વહુ (દીકરાની પત્ની)નું મૃત્યુ પિયરમાં થાય અથવા સાસરીમાં થાય વહુના સાસુ-સસરાને ત્રણ દિવસનું સુતક લાગે છે.

૭) પરણેલી દીકરી અથવા ઘરની વહુનું પ્રસૂતિમાં મૃત્યુ થાય ભલે ગમે તે સ્થળે થાય ૩ દિવસનું સૂતક લાગે છે. પરંતુ તે જ સમયે બાળક જીવી ગયું હોય અને મા મૃત્યુ પામી હોય તો બાળકનું વૃધ્ધિ સૂતક ગણવાનું નથી ફક્ત મૃતકનું જ ગણવાનું આવે છે. (ફક્ત પ્રસવ)

૮) જમાઈ અથવા સાળો અથવા સાળીનું મૃત્યુ થાય તો ૧ દિવસનું સૂતક લાગે છે.

૯) ફોઈ, માસી, મામાનું મૃત્યુ થાય તો દોઢ દિવસનું સૂતક લાગે છે. જ્યારે ફુવા, માસા, મામીનું મૃત્યુ થાય તો માત્ર એક માથાબોળ સ્નાનથી સૂતક છૂટે છે.

૧૦) ગાઢ મિત્ર, ગાઢ સંબંધીનું મૃત્યુ થાય તો દોઢ દિવસનું સૂતક લાગે છે.

૧૧) સાસુ, સસરા, ભાણિયો, ભાણીનું મૃત્યુ થાય તો ૩ દિવસનું સૂતક પુરુષને લાગે છે.

૧૨) માતા અથવા પિતા અથવા પત્નીનું મૃત્યુ થાય તો ૧૦ દિવસનું સુતક પુત્રને લાગે છે.

૧૩) સાસુ, સસરા અથવા પતિનું મૃત્યુ થાય તો ૧૦ દિવસનું સુતક સ્ત્રીને લાગે છે.

૧૪) જન્મના સૂતક ઉપર જન્મનું બીજું સૂતક આવે તો પહેલા સૂતક સાથે બીજું પણ ઉતરી જાય છે.

૧૫) મરણના સૂતક ઉપર બીજું મરણનું સૂતક આવે તો બંને સૂતકો એક પછી એક તેમ પૂરા પાળવા પડે છે.

૧૬) જન્મના સૂતક ઉપર મરણનું સૂતક આવે તો મરણના સૂતકથી જ પૂરું કરવું.

૧૭) મરણના સૂતક ઉપર જન્મ નું સૂતક આવે તો ફક્ત મરણનું સૂતક પૂરું કરવું.

૧૮) પરણેલી દીકરી અથવા ઘરની વહુ બાળકને જન્મ આપે તો ત્રણ દિવસનું વૃધ્ધિ સૂતક લાગે છે.

૧૯) ઘણા લોકોમાં સવા મહિનાનો સૂતકનો ધારો ચાલ્યો આવે છે. પરંતુ ગરુડ પુરાણમાં કોઈપણ સૂતક સવા મહિનાનું બતાવેલ નથી પરંતુ વધુ ધર્મ ધ્યાન પુણ્યકર્મ બંધાય તે હેતુ ઘણા સવા મહિનાના નિયમને વળગી રહે છે. જેમાં ઘરના કુળદેવી અથવા કુળદેવતા દીપ ધૂપ વગરના રહી જાય છે. જેથી યાદ રાખવું જોઈએ કે ભગવાને બતાવેલ સૂતક વિધાન બીજા જીવના ઉદ્ધાર માટે છે. આપણા પૂર્વગ્રહ કે અવસર કે ઉત્સાહ માટે નથી માટે મનુષ્યએ તેનો વિવેક જાળવવો જોઈએ.

★

# શક્કર ટેટી

## ખાવાના અઢળક ફાયદાઓ

ઉનાળામાં શક્કર ટેટી ખાવાથી અઢળક ફાયદાઓ થાય છે....વાંચો બધાજ ફાયદાઓ વીશે વિગતવાર માહિતી



ઉનાળામાં શક્કર ટેટી ખાવાથી અઢળક ફાયદાઓ થાય છે. વાંચો બધાજ ફાયદાઓ વીશે વિગતવાર માહિતી.

ગરમીઓમાં ખાસ કરીને આપણી ખોરાકી પર ભારે અસર થતી હોય છે. તેમા પણ એપ્રિલ અને મે મહિનાની ગરમીમાં તો લૂં પહેલા લાગી જતી હોય છે. સાથેજ અમુક લોકો તો ડિહાઈડ્રેશનનો શિકાર પણ થતા હોય છે. આજે અમે વાત કરવાના છે શક્કર ટેટી વીશે. એ વાત તો તમે માનતાજ હશો કે ગરમીમાં ફ્રુટ ખાવાની અલગજ મજા આવતી હોય છે. તેમા પણ શક્કર ટેટી તો સૌ કોઈની પ્રીય હોય છે. ત્યારે આજે અમે તમને જણાવીશું શક્કર ટેટીના બધાજ ફાયદાઓ વીશે વીગતવાર માહિતી.

### પાણીની ઉણપ દૂર કરશે

ગરમીમાં શક્કર ટેટી ખાવાથી આપણા શરીરને અણધાર્યા ફાયદાઓ મળી રહેતા હોય છે. માત્ર એક ડિશ શક્કર ટેટી ખાવાથી આપણા શરીરમાં જો પાણીની ઉણપ પણ રહેલી હોય તો તે દૂર થઈ જતી હોય છે. તેના પાછળનું કારણ છે કે શક્કર ટેટીમાં વિટામીન એ ભરપૂર પ્રમાણમાં હોય છે. જેના કારણે આપણા શરીરમાં ક્યારેય પણ પાણીની ઉણપ નથી સર્જાતી

### ખનીજનો ખજાનો

શક્કર ટેટીમાં વિટામીન સી, આયર્ન તેમજ વિટામીન બી જેવા તત્વો પણ રહેલા હોય છે. જે આપણા શરીર માટે ઘણા ફાયદાકારક છે. આ ઉપરાંત આપણા શરીરમાં પોટેશિયમ કોપર, ફાયબર, વિટામિન એ અને મેગ્નેશિયમ પણ રહેલા હોય છે. જેના કારણે આપણા શરીરમાં ડિહાઈડ્રેશન જેવી સમસ્યા પણ નથી સર્જાતી અને ગરમીમાં પણ શરીરને ઘણા લાભ મળી રહેતા હોય છે.

### કિડની અને આંખ માટે ફાયદાકારક

શક્કર ટેટીનું સેવન જો તમે કરશો તો તમારી સ્કીન પણ લાંબા સમય સુધી સારી રહેશે. સાથેજ કિડનીને લગતી કોઈ સમસ્યા હોય તો તે પણ દૂર થાય છે. તેમજ પથરીની સમસ્યાથી પણ છૂટકારો મળતો હોય છે. ઉપરાંત તેમા બીટા કેરોટીન રહેલું હોય છે. જેના કારણે આપણી આંખોમાં ફેલાતા રોગ પણ દૂર થાય છે. અને લાંબા સમય સુધી આપણી આંખો સ્વસ્થ રહે છે.

### વજન ઘટશે

શક્કર ટેટીમાં ખૂબ ઓછા પ્રમાણમાં સોડિયમ રહેલું હોય છે. જેના કારણે તમારી કેલરી નથી વધતી અને વજનમાં પણ ઘટાડો થાય છે. આ ઉપરાંત તેમાં એન્ટીઓક્સિડન્ટ અને વિટામીન સીનો સારો એવો સ્ત્રોત રહેલો હોય છે. જેના કારણે તમને ક્યારેય પણ કોઈ પ્રકારની ઈજા થાય તો તે ઈજા પર તમને રુઝ પણ જલ્દીથી આવી જતી હોય છે.

### પાચનતંત્ર મજબૂત થશે

શક્કર ટેટીનું સેવન કરવાથી જો તમને ગેસ કબજિયાત કે એસીડીટી જેવી બિમારી હશે તે પણ દૂર થશે. કારણકે તેમા રહેલી પાણીની માત્રા તમારો ખોરાક પચાવામાં મદદ કરે છે. આ સીવાય જો તમને હદય સંબંધી કોઈ સમસ્યા હશે તો તે પણ દૂર થશે. ઉપરાંત શુગર અને કાર્બોહાઈડ્રેટનું લેવલ પણઁ જળવાઈ રહે છે. જેના કારણે શરીરની ઉર્જામાં વધારો થાય છે.

### માનસીક તાણ ઓછી થશે

શક્કર ટેટીમાં પોટેશિયમ મોટા પ્રમાણમાં રહેલું હોય છે. જેના કારણે આપણા શરીરમાં રહેલો સ્ટ્રેસ ઓછો થાય છે. સાથેજ પોટેશિયમને કારણે આપણું હદય પણ સામાન્ય રીતે ધબકતું રહે છે. અને પર્યાપ્ત માત્રામાં ઓક્સિજન પણ મગજ સુધી પહોચી રહે છે.

### શરીરને ઠંડક મળશે

શક્કર ટેટીમાં ભરપૂર માત્રામાં પાણી રહેલું હોય છે. જેના કારણે આપણા શરીરને ઠંડક મળી રહેતી હોય છે. અમુક લોકોને ભોજન કર્યા બાદ છાતીમાં બળતરા થવાની સમસ્યા થતી હોય છે. તો તેવા લોકોએ ખાસ કરીને શક્કર ટેટીનું સેવન કરવું જોઈએ. કારણકે તેનું સેવન કરવાથી બળતરાની સમસ્યા તો ઓછી થશે સાથેજ પેટ પણ સાફ રહેશે.

### પ્રમાણસર ખાવાનું રાખજો

શક્કર ટેટીની ખાસીયત છે કે તેમાં પાણીનો ભરપૂર સ્ત્રોત રહેલો હોય છે. જેથી તે તમારા શરીર માટે ભરપૂર રીતે ફાયદાકારક છે. પરંતુ જો તેને ખોટી રીતે ખાવાનું રાખશો તો આપણા શરીરમાં તે નુકશાન પણ કરી શકે છે.

શક્કર ટેટીમાં મોટા પ્રમાણમાં પાણી હોય છે. જેથી ખાધા પછી તરતજ ક્યારેય પણ શક્કર ટેટી તમારે ન ખાવી જોઈએ..

★ ★ ★

R.N.I. Regd. No. GUJGUJ/2022/82886

Date of Publication: 25th of Every May, August, November & February

Vol. 03 • Issue: 04 • Ferruary 25, 2025 • SADGUN JAYATE (Quarterly)



# સાત કિંમતી રત્નો

(૧) પહેલું રત્ન માફી :-
તમારા વિષે કોઈ ગમે એમ બોલે, પણ એને મનમાં ન લાવતા મોટા મનથી એને માફ કરો.

(૨) બીજું રત્ન ઉપકાર:-
બીજાને કરેલો ઉપકાર ભૂલી જાઓ. ફળની આશા રાખો નહિ. નિ:સ્વાર્થ ભાવ રાખો.

(૩) ત્રીજું રત્ન વિશ્વાસ:-
તમારી પોતાની મહેનત અને કર્મ પર અતૂટ વિશ્વાસ રાખો. બીજાના આધારની અપેક્ષા ન રાખો.

(૪) ચોથું રત્ન સંબંધો:-
સામેના માણસની કાળજી આપણા કરાતાં વધારે રાખો જેથી સારા સબંધો બનશે અને એ સબન્ધો જાળવી રાખો.

(૫) પાંચમું રત્ન દાન :-
કોઈની ઉદાર હાથે મદદ કરવી. સારા અને ઉત્તમ કાર્ય માટે સરળ હાથે દાન કરો. યોગ્ય પાત્રને દાન કરવાથી ધનની કમી થતી નથી અને મનને સમાધાન મળે છે.

(૬) છઠું રત્ન આરોગ્ય:-
દરરોજ વ્યાયામ-યોગાસન કરો. નિયમિત ચાલવાની ટેવ પાડો અને નિરોગી રહો.

(૭) સાતમુ રત્ન સત્ય:-
હમેશાં યાદ રાખો કે જન્મ અને મૃત્યુ અટલ છે એટલે ભુતકાળ કે ભવિષ્યકાળમાં ન જીવતાં વર્તમાનમાં જીવો. કોઈપણ વાતના દુ:ખને મનમાં રાખશો નહિ.

સુખમય જીવન જીવો.

**- નીલાબેન એન. શાહ (ઇસનપુર)**

# મોહ, માયા, લોભ, ઈર્ષ્યા એવી બધા ભાવ વિશે સમજો

અર્જુને કૃષ્ણને કીધું,"હે કેશવ મને મોહ, માયા, લોભ, ઈર્ષ્યા એવી બધી ખરાબ ભાવ વિશે સમજાવો. ત્યારે કૃષ્ણે કીધું,

★ કેન્ડી ખાતા વખતે એક હથેળી કેન્ડીની નીચે રાખો છો ને, એને કહેવાય "મોહ"

★ એ કેન્ડી પુરી થઈ જાય તો પણ એની સળી ચાટતા રહો છો ને, એને કહેવાય "લોભ"

★ અને સળી ફેંક્યા બાદ સમેવાળાની કેન્ડી જોઈને વિચાર આવે કે આની કેમ હજી પુરી ના થઈ, એને કહેવાય "ઈર્ષ્યા"

★ કેન્ડી ખાતા ખાતા કેન્ડી પીગળીને નીચે પડી જાય અને ખાલી સળી હાથમાં રેય ત્યારે મનમાં જે ભાવ આવે, એને કહેવાય "ક્રોધ"

★ ઊંઘ પુરી થયા પછી પણ પથારીમાં ૩ કલાક આળોટતા રહેવું, એને કહેવાય "આળસ"

★ રેસ્ટોરન્ટમાં જમી લીધા પછી પણ મોઢું ભરીને મુખવાસ લઈએ છીએ, એને કહેવાય "તુચ્છતા"

★ જે તાળું મારી ચાવી કાઢી લીધા પછી પણ તાળાને ખેંચતા રેવું, એને કહેવાય "ભય"

★ પાણીપુરીવાળા ને ત્યાં ૫ પુરી ખાઈને બીજી ૫ કોરી પુરી ખાઈ લ્યો છો ને, એને કહેવાય "શોષણ"

★ ફ્રુટી આખરી બુંદ સુધી પુરી થઈ ગયા પછી પણ એની સ્ટ્રોમાંથી હવા ખેંચે રાખો છો ને, એને કહેવાય "ભ્રમ"

★ દ્રાક્ષ લેવા જાવ ત્યારે ભાવ પૂછવામાં જ ૫-૭ દ્રાક્ષ ખાઈ જાવ છો ને ઉપરથી મોંઘી છે કહીને નીકળી જાવ છો ને, એને કહેવાય "અક્ષમ્ય અપરાધ"

★ પંગતમાં બેસીને જમતી વખતે, રબડી કે રસ વાળાને આવતા જોઈ ફટાફટ તમારો વાટકો ખાલી કરો છો ને, એને કહેવાય "છલ"

★ આ આખી વાત વાંચીને જે હસવું આવે છે ને, એને કહેવાય "આત્મશાંતિ"

★ ★ ★

"સદ્‌ગુણ જયતે" ત્રિમાસિકમાં છપાયેલા સમાચારો, લેખો, રચનાઓ અને ફોટોગ્રાફ વગેરે સાથે તંત્રીનું સહમત હોવું જરૂરી નથી.

• Printer, Publisher & Owned by •
Kaushal Jayantilal Shah, and

• Printed at Shri Ganesh Offset,
A/6, Subh Labh Estate, Tavdipura,
Dudheshwar, Ahmedabad 380 004, and

• Published from •
Shree Shakti Management, Lower Ground Floor,
Shop No. 20, Center Point, Panchvati Cross Road,
C.G. Road, Ahmedabad- 380 006
• Editor : Kaushal Jayantilal Shah

To,

**BOOK-POST**